BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ખાદ્ય સુરક્ષા કાયદો ૨૦૧૩ અને અમલીકરણની પ્રક્રિયાઓ

# Food security Act and Implementation process

**ધવલકુમાર આર. પરમાર**
પી.એચ.ડી સંશોધક (સમાજશાસ્ત્ર)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ ,ગુજરાત

ટૂંકસાર (Abstract) -

વિશ્વમાં ખાદ્ય સુરક્ષા લક્ષ્ય હાસલ કરવું મોટો પડકાર છે. કેમ કે લોકો ભુખમરી અને કુપોષણનો સામનો કરી રહ્યાં છે.આપણા ભારતમાં આઝાદી પછીથી અત્યાર સુધી ખાદ્ય સુરક્ષાના લક્ષ્યને હાસલ કરવા સરકાર દ્વારા વિવિધ પગલા લીધેલ છે, જેમકે જીવન જીવવાનો બંધારણીય અધિકાર બનતાં કેંદ્ર અને રાજ્ય સરકારનું કર્તવ્ય બને છે કે કોઈ પણ દેશના નાગરિક ભુખ્યુ ન રહે અને કેંદ્ર અને રાજ્ય શૂન્ય ભુખમરી હાસલ કરે. જે માટે ખોરાકના અધિકારના રક્ષણ માટે બનાવેલ ખાદ્ય સુરક્ષા કાયદો-૨૦૧૩ અતિ મહત્વપુર્ણ છે. જેનો મુખ્ય ઉદ્દેશ ગરીબી, ભુખમરી અને કુપોષણને દુર કરવાનો છે. આ સંશોધનમાં કાયદાની લાક્ષણિકતાઓ જેવી કે પરિવારોની પાત્રતા , કવરેજ , ઓળખાણ ,ખાદ્ય અધિકાર, પોષણ સહાયતા , ખાદ્ય એલાઉન્સ,રાજ્ય-કેંદ્રની જવાબદારી,દંડની જોગવાઈ,સામાજિક ઓડિટ, સ્ત્રી સશક્તિકરણ, ફરિયાદ નિવારણ પધ્ધતિ, રાજ્ય ખાદ્ય આયોગની રચના વિગેરે બાબતોનો સમાવેશ તથા કાયદાની ખામીઓ, કાયદાની અસરકારકતા વધારવાની રીતો અને ખાદ્ય સુરક્ષા કાયદો-૨૦૧૩ ના સુધારા બિલ-૨૦૧૮ ની સંક્ષિપ્તમાં માહિતિ સાથે ઉપાયો નું વિશ્લેષણ કર્યું છે.

ચાવીરૂપ શબ્દો (Keywords) -

(ખાદ્ય સુરક્ષા, ખાદ્ય અધિકાર , શુન્ય ભુખમરી, ગરીબી , કુપોષણ ,પોષણ સહાયતા ,ખાદ્ય એલાઉન્સ , સ્ત્રી સશક્તિકરણ ,રાજ્ય ખાદ્ય આયોગ,સુધારા બીલ-૨૦૧૮ )

પ્રસ્તાવના

સંયુક્ત રાષ્ટ્રોના UN Agenda-2030 માં વિશ્વની તમામ પ્રકારની ભૂખમરી અને કુપોષણને તમામ સ્વરૂપમાં સમાપ્ત કરવાનું લક્ષ્ય છે પણ તે લક્ષ્ય-માર્ગ પરથી હાલના સમયમાં વિશ્વના તમામ દેશોને દૂર કરી દીધા છે. તેનું મુખ્ય કારણ કોરોના વાયરસ (કોવિડ-૧૯) અને દેશો દ્વારા કોરોના નિયંત્રણ માટેના પગલા લીધેલ. પરિણામે દેશોને વિશાળ આર્થિક,સામાજિક નુકશાન ભોગવવું પડ્યું છે અને વિશ્વના દેશોને વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને પોષણની સ્થિતિને વધુ સારી રીતે સમજવા માટે ઊંડા ચિંતન કરવાની જરૂરિયાત પેદા થઈ છે. સાથે વિશ્વભરના ઘણા લોકો ખોરાકની અસુરક્ષા અને વિવિધ પ્રકારના કુપોષણથી પીડાય છે. સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય પ્રોગ્રામ(WFP)-૨૦૨૨ મુજબ યુર્કેન-રશિયા અથડામણના પરિણામે વિશ્વમાં ખાદ્ય વસ્તુઓના ભાવોમાં સતત વધારો થયો છે. જેમાં પશ્ચિમ આફ્રિકાના કરોડો લોકોના મુખ સુધી ભોજન પહોંચાડવું મુશ્કેલ બન્યું છે, જે ભુખમરીનું સ્તર પાછલા ૧૦ વર્ષમાં સૌથી ઉચ્ચત્તમ સ્તર સુધી પહોંચી ગયું છે. આમ દરેક વર્ષે ૧ કરોડ લોકો ભુખમરી અને તેના પરિણામે થયેલ રોગોથી મરણ પામે છે. કેમ કે તેઓ સ્વસ્થ આહારનો ખર્ચ ઉઠાવી શકતા નથી. જે ૨૧ મી સદીમાં વિશ્વમાં ખાદ્ય સુરક્ષાનો પડકાર એક ચિંતાનો વિષય બન્યો છે.


ખાદ્ય સુરક્ષાનો અર્થ -

ખાદ્ય સુરક્ષા એ ખોરાકની ઉપલબ્ધતા અને વ્યક્તિની ખોરાક સુધી પહોંચ બાબતના ક્ષમતાનું માપ છે. સંયુક્ત રાષ્ટોની વર્લ્ડ ખાદ્ય સુરક્ષાની સમિતિ અનુસાર, ખાદ્ય સુરક્ષા એટલે "તમામ લોકો દરેક સમયે તેમની આહાર પસંદગી સંતોષજનક ,સલામત, પૌષ્ટિક અને ભૌતિક, સામાજિક અને આર્થિક પહોંચ ધરાવે " [1]


૧૯૭૪ માં યુ.એન ના વર્લ્ડ ફુડ સભા માં ખાદ્ય સુરક્ષાની વ્યાખ્યા મુજબ " ખાદ્ય વપરાશના સતત વિસ્તરણને ટકાવી રાખવા ,ઉત્પાદન અને કિંમતોમાં થતી વધઘટને સરભર કરવા માટે મુળભુત ખાદ્ય પદાર્થોના પર્યાપ્ત,પૌષ્ટિક,વૈવિધ્યસભર સંતુલિત ખાદ્ય પુરવઠાની દરેક સમયે ઉપલબ્ધતા" તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે,[2]

-૧૯૯૯ માં સંયુક્ત રાષ્ટ્ર (UN)સમિતિ મુજબ " Fundamentally ,the roots of the problem of hunger and malnutrition are not lack of food but lack of access to available food ,because of poverty, by large segments of world's population."

ખાધ્ય સુરક્ષાને અસરકર્તા પરિબળો -




- ઉપરોક્ત વિવિધ પ્રાકૃતિક અને માનવસર્જિત પરિબળોના પરીણામે નીચે મુજબ ખાદ્યસ્થિતિ પર અસર થાય છે. જે ના પરિણામે ખાદ્ય અસુરક્ષા સ્થિતિ પેદા થાય છે,અને ચારેય બાબતોમાં અસંતુલન સર્જાય છે. પરિણામે ખાધ્ય સુરક્ષા પડકાર બની જાય છે.



ભારતમાં ખાદ્ય સુરક્ષા -

ગ્લોબલ ફૂડ સીક્યુરીટી ઈન્ડેક્ષ-૨૦૨૧ ના રીપોર્ટમાં કુલ ૧૧૩ દેશોમાં ભારતને ૭૧ મું સ્થાન મળ્યું છે, તથા ગ્લોબલ ભુખમરી ઈન્ડેક્ષ-૨૦૨૧ માં કુલ ૧૧૬ દેશોમાં ૧૦૧ મું સ્થાન મળ્યું છે. જે ૨૦૨૦ માં ૯૪ મું સ્થાન હતું. આન પાછળ થવાનું કારણ ભારતની ભુખમરી અને કુપોષણની સમસ્યામાં વધારો થયો છે.

મહાત્મા ગાંધીજીએ અંગ્રેજી હકુમતના શાસન સામે આપણી આઝાદીની લડાઈ ચલાવતી વખતે કહ્યું હતું કે,

આઝાદી પછીના ખોરાકના અધિકારને માનવાધિકાર ના એક ભાગ તરીકે ગણવામાં આવ્યુ છે. કેમ કે માનવીના પર્યાપ્ત જીવનધોરણમાં ખોરાક અને પોષણ અતિમહત્વપૂર્ણ છે, જેના થકી તે પોતાનું, કુટંબ અને દેશનું ભવિષ્ય ઘડતર કરે છે.

ભારતના બંધારણમાં જોગવાઈ -

ખાદ્ય સુરક્ષાનો બંધારણમાં સીધો ઉલ્લેખ કરેલ નથી.પરંતુ મુળભુત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોમાં નીચે જણાવેલ કલમોમાં સમાવેશ થયેલ છે, જેમ કે,

- કલમ-૨૧ માં જીવન જીવવાનો મુળભુત અધિકાર છે ,તેના જીવન જીવવા માટે ખોરાક અતિમહત્વપૂર્ણ છે.આથી રાઈડ ટુ ફુડ દરેક વ્યક્તિનો અધિકાર છે.
- કલમ-૩૯(અ) પુરુષ અને સ્ત્રી ના આજીવિકાનું પુરતું સાધન મેળવવાનો સમાન હક છે, અહિંયા રાજ્ય દ્વારા લિંગતફાવતને ધ્યાનમાં લીધા વિના દરેક નાગરિકને જીવન જીવવા માટે આજીવિકા મેળવી શકે તે માટે પૂરતું સાધન આપવાનું જણાવેલ છે.
- કલમ-૪૭ માં રાજયના દરેક નાગરિકના પોષણનું સ્તર,જીવનધોરણ અને આરોગ્ય સુધારવું તે રાજયની ફરજ છે.

આમ ઉપરોક્ત બંધારણીય જોગવાઈથી દેશના રાજકીય અને વહીવટી તંત્રની નૈતિક જવાબદારી બને છે કે કોઈ પણ વ્યક્તિ ભુખ્યું ન રહે. જેથી આઝાદી પછી દેશમાં ગરીબી તથા ભુખમરી દુર કરવા વિવિધ સરકારીતંત્ર દ્વારા કાયદાકિય પગલાં લીધેલ છે.જેમાં ૨૦૧૩ માં બન્ને ગૃહો દ્વારા (રાજ્યસભા અને લોકસભા) પસાર કરેલ ખાદ્ય સુરક્ષા કાયદો અતિ મહત્વનો છે.

ખાદ્ય સુરક્ષા કાયદો-૨૦૧૩ -

આ કાયદો કેંદ્ર સરકાર દ્વારા અમલમાં મુકેલ છે. આ કાયદાની ઉત્પતિ માટેનું પ્રેરકબળ એપ્રિલ-૨૦૦૧ ની ઝુંબેશ હતી, જ્યારે પીપલ્સ યુનિયન ઓફ સિવિલ લીબર્ટીઝ (PUCC) દ્વારા

ખોરાકના અધિકાર માટે ઉચ્ચતમ ન્યાયાલયમાં રીટ પીટીશન દાખલ કરેલ હતી. જે દાદ માં મુખ્ય ત્રણ પ્રશ્નો હતા.

(૧). જીવન જીવવાનો અધિકાર શું એ છે કે જે લોકો ભુખે મરે છે ,અને અનાજ ખરીદવા માટે ખુબ ગરીબ છે .તેમને રાજ્ય દ્વારા સરપ્લસ અનાજના સ્ટોકમાંથી મફતમાં અનાજ આપવું જોઈએ, જ્યારે આ વધારાનું અનાજ બિનઉપયોગી અને સડી રહ્યું છે.

(૨) શું બંધારણની કલમ-૨૧ માં જીવન જીવવાના અધિકાર હેઠળ ખોરાકના અધિકારનો સમાવેશ થાય છે?

(૩) દુષ્કાળની સ્થિતિમાં પ્રભાવિત લોકોને ખોરાક પુરો પાડવો શું રાજયની ફરજ છે ?

ઉપરોક્ત પ્રશ્નો બાબતે સવોચ્ચ અદાલતે તેના આદેશમાં જણાવ્યું કે રાજ્યએ ખોરાકના અધિકારનું રક્ષણ કરવું જોઈએ અને તેનું સન્માન કરવું જોઈએ.ભારતીય બંધારણની કલમ ૨૧ હેઠળ ખોરાકના અધિકારને ન્યાયી ઠેરવ્યું. અને અપંગ, વૃધ્ધ, અશક્ત, નિરાધાર પુરુષ-સ્ત્રી અને જે કુપોષણ, સગર્ભા માતા, સ્તનપાન કરાવતી સ્ત્રીઓ તથા નિરાધાર બાળકોને ખોરાક ઉપલબ્ધ  છે કે કેમ તેની તપાસ માટે વચગાળાનો આદેશ જારી કર્યો અને ભૂખમરાથી થતા મૃત્યુ અંગે ચિંતિત થતા જણાવ્યું કે કેંદ્ર અને રાજ્ય સરકારોની જવાબદારી એ સુનિશ્ચિત કરવાની છે કે એફસીઆઈના ગોડાઉનમાં રહેલું અનાજ ભૂખે મરતા વ્યક્તિ સુધી સરળતાથી પહોંચી શકે, ના કે દરિયામાં ફેંકી દેવાથી અથવા ઉંદરો દ્વારા ખાઈને અથવા અન્ય કોઈપણ બેદરકારીભર્યા કુત્ય દ્વારા બગાડવુ. ઉપરાંત સપ્ટેમ્બર-૨૦૦૧ માં સર્વોચ્ચ અદાલતે ૧૬ રાજ્યને નોટિસ જારી કરી, જેમાં જણાવ્યું કે જે ગરીબી નીચે રહેતા લોકોને જાહેર વિતરણ પ્રણાલી હેઠળ ખોરાકનું વિતરણ કરવા માટે માન્યતા આપી નથી તેમને બે અઠવાડીયાની અંદર ઓળખવાનો આદેશ આપ્યો. આમ આ સુનાવણીથી સુપ્રિમ કોર્ટના આદેશોના અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરતી " ખાદ્ય અધિકાર અભિયાન " ની શરૂઆત થઈ અને રાજકીય સંવેદનામાં વધારો થયો. પરિણામે ૨૦૧૧ માં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા બીલ- ૨૦૧૧ લોકસભામાં ૨૨ ડીસેમ્બર,૨૦૧૧ ના રોજ મુકવામાં આવ્યું. અને તે વિસ્તૃત તપાસ માટે સ્થાયી સમિતિને મોકલવામાં આવ્યું. તથા આ સમિતિની મળેલ ભલામણોને બીલમાં ઉમેરીને  ફરીથી ખાદ્ય સુરક્ષા કાયદા બીલ-૨૦૧૩ લોકસભામાં મુકવામાં આવ્યું.અને જે ૧૦ સપ્ટેમ્બર,૨૦૧૩ ના રોજ બન્ને ગ્રુહો(લોકસભા અને રાજ્યસભા) દ્વારા પસાર થયું.,અને આ બીલ કાયદાના સ્વરૂપમાં અમલમાં આવ્યું.

ખાદ્ય સુરક્ષા કાયદાના મુખ્ય હેતુઓ-

— માનવીના જીવનમાં ખોરાક અને પોષણની સુરક્ષા પૂરી પાડવી.

— ખોરાક પુરતા પ્રમાણમાં ગુણવત્તાયુક્ત મળે ,

— ખોરાકની સુલભતા સુનિશ્ચિત કરવી,

— ખોરાક સસ્તા ભાવે મળે .

— લોકોનું જીવન સન્માનપુર્વક બને અને સામાજિક સંતુલિત વિકાસમાં વધારો કરે.

ખાદ્ય સુરક્ષા કાયદાની મુખ્ય લાક્ષણિકતાઓ -

આ કાયદામાં ૧૩ પ્રકરણો અને ૪ અનુસુચિઓનો સમાવેશ થયેલ છે. અને જે ૪૫ વિભાગોમાં વિભાજીત છે. તથા અન્ય મુખ્ય બાબતો નીચે મુજબ છે.

(૧).<u>પરિવારોની પાત્રતા,કવરેજ અને ઓળખાણ</u>-

બે શ્રેણીઓ હેઠળ પરિવારોની પાત્રતા અને ઓળખાણ ની વ્યાખ્યામાં સમાવેશ.

(૧) અંત્યોદય અન્ન યોજના (AAY)

(૨) લક્ષિત જાહેર વિતરણ પ્રણાલી (TPDS) ,જેમાં રાજ્ય સરકાર માર્ગદર્શિકા અને પાત્રતા ધરાવતા વ્યક્તિઓની યાદી અપડેટ કરશે.

કવરેજ- ગ્રામીણ વસ્તીના ૭૫% અને શહેરી વસ્તીના ૫૦% એટલે કે કુલ વસ્તીના ૬૭% વસ્તી સુધી આવરી લે છે.

(૨)<u>.ખાદ્ય અધિકાર</u>-

(૧) દરેક પ્રાથમિકતા ધરાવતા પરિવારોને દરેક મહિને વ્યક્તિ દીઠ ૫ કિલોના હકદાર, AAY હોય તો પરિવારો હકદાર - ૩૫ કિ.ગ્રા.

(૨) અનાજ સબસીડીના ભાવમાં - ૩ રૂ. ચોખા, ૨ રૂ. ઘઉં, ૧ રૂ. માં મોટા અનાજ(બરછટ અનાજ)

(૩)<u>પોષણ સહાયતા</u>- બાળકો અને મહિલાઓ જેમાં સગર્ભાવસ્થા અને બાળકના જન્મના છ મહિના સુધી સ્થાનિક આંગણવાડી દ્વારા મફત ભોજન અને માતૃત્વ લાભ છ હજાર રૂપિયા.

(૪).૧૪ વર્ષ સુધીના બાળકોને સ્થાનિક આંગણવાડી અને સરકારી સ્કુલના મધ્યાહન ભોજન યોજના હેઠળ મફત ભોજન.

(૪) <u>ખાદ્ય સુરક્ષા ભથ્થું-</u>

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા અંતર્ગત પાત્રતા ધરાવતી વ્યક્તિને પાત્ર અનાજનો જથ્થો આપવામાં ન આવે તો ખાદ્ય સુરક્ષા ભથ્થું સંબધિત રાજ્ય સરકાર ચુકવશે.

(૫) <u>દંડની જોગવાઈ</u>:-

રાજ્ય ખાદ્ય આયોગ દ્વારા જાહેર સેવકોના ફરજના પાલનમાં નિષ્કાળજી દાખવવા બદલ ૫૦૦૦/- રૂ. સુધીના દંડની જોગવાઈ.

(૬) <u>સામાજિક ઓડીટ</u>:-

લોકો દ્વારા મોનિટરીંગ, આયોજનનું મુલ્યાંકન કરી શકે અને યોજનાના અમલમાં સહભાગીદારી કરી શકશે.

(૭) <u>લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થામાં સુધારા</u>-

NFSA ની કલમ-૧૨ મુજબ કેંદ્ર અને રાજ્ય સરકાર જરૂરી સુધારાઓ કરવા માટે ક્રમશ: પ્રયાસ કરશે,જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

— અનાજની ડોરસ્ટોપ ડિલિવરી
— તમામ સ્તરે વ્યવહારોનું યોગ્ય સંચાલન માટે એન્ડ ટુ એન્ડ કોમ્પ્યુટરાઈઝેશન સહિત ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ
— ઓળખ માટે આધારકાર્ડનો ઉપયોગ
— જાહેર સંસ્થાઓ જેવી કે પંચાયતો, સ્વ સહાય જૂથો,સહકારી સંસ્થાઓને તેમના તથા સમૂહો દ્વારા વ્યાજબી ભાવની દુકાનોનું સંચાલન કરવાની પસંદગી.
— સ્થાનિક જાહેર વિતરણ મોડેલ અને અનાજ બેંકને સમર્થન
— પીડીએસ હેઠળ વિતરણ થનાર કોમોડિટીઝનું વૈવિધ્યકરણ.

(૮) <u>સ્ત્રી સશક્તિકરણ:-</u> અઢાર વર્ષથી વધુ ઉંમરની સૌથી મોટા સ્ત્રી દરેક પરિવારમાં વડા તરીકે ઓળખાશે. એટલે કે રેશનકાર્ડમાં મુખ્ય વ્યક્તિ રહેશે.

(૯) <u>ફરિયાદ નિવારણ પધ્ધતિ</u>:-

દરેક રાજ્ય સરકાર અમલ કરશે, આંતરીક ફરિયાદ નિવારણ માટે કોલ સેંટર, હેલ્પલાઈન તથા દરેક જિલ્લામાં ફરિયાદ નિવારણ માટે એક જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે ગણાશે.

(૧૦) <u>રાજ્ય ખાદ્ય આયોગ</u>:-

રાજ્ય દ્વારા આયોગની સ્થાપના, આયોગ અધિનિયમમાં સમાવેશ થયેલ બાબતોનું અમલીકરણ અને સમીક્ષા, વિગતવાર રચના, ભરતી , સેવા શરતોનું અમલીકરણ કરશે.

(૧૧) કાયદાના અમલીકરણમાં કેંદ્ર સરકારની ભૂમિકા:-

-ખાદ્ય સુરક્ષા કાયદાની કલમ-૨૨ માં જણાવેલ છે કે કેંદ્ર સરકાર ખાદ્ય નો નિયમિત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે પાત્રતા ધરાવતાં પરિવારોના વ્યક્તિઓને કેંદ્રિય પૂલમાંથી જરૂરી જથ્થો લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્ય સરકારને ફાળવશે.

-કલમ-૧૦ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઓળખવામાં આવેલ પાત્ર પરીવારોના વ્યક્તિઓને સંખ્યા મુજબ અનાજની ફાળવણી કેંદ્ર સરકાઅર કરશે.

-કેન્દ્રીય સરકાર પોતાની એજન્સી મારફતેઅનાજની ખરીદી કરશે જ્યારે રાજ્ય સરકાર તેમની એજન્સીઓ દ્વારા ખરીદી કરશે

-રાજ્ય સરકાર માર્જિન ખર્ચને પહોંચી વળે તે માટે કેન્દ્ર સહાય પૂરી પાડશે.

-વિવિધ સ્તરે જરૂરી આધુનિક અને વૈજ્ઞાનિક સંગ્રહ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.

-કલમ-૨૩ મુજબ રાજય પાસે અનાજનો જથ્થો ઓછો થવાના કિસ્સામાં, કેન્દ્રીય પૂલમાંથી રાજ્ય સરકારને ભંડોળ પૂરું પાડશે.

(૧૨) કાયદાના અમલીકરણમાં રાજય સરકારની ભૂમિકા:-

- કલમ-૨૪ મુજબ રાજ્ય સરકાર કેંદ્ર સરકાર દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા અનુસાર લક્ષિત લાભાર્થીઓને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાની જવાબદારીની ફરજ નિભાવશે.
- લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનાજની ડીલીવરી માન્યતા પ્રાપ્ત એજન્સીઓ મારફત દરેક વ્યાજબી ભાવની દુકાન સુધી પહોંચાડશે.
- દરેક રાજ્ય સરકાર રાજ્ય, જિલ્લા, તાલુકા સ્તરે વૈજ્ઞાનિક ઢાંચાયુક્ત સંગ્રહ સુવિધાઓ ઉભી કરશે તથા તેની જાળવણી કરશે પુરવઠા નિગમોની ક્ષમતાઓને યોગ્ય રીતે મજબુત કરશે.
- વ્યાજબી ભાવની દુકાનો માટે સંસ્થાકીય લાઈસન્સિસ વ્યવસ્થા સ્થાપિત કરશે અને દુકાનોની ક્ષમતાઓને મજબુત કરશે.
- હકદાર વ્યક્તિને અનાજ અથવા ખાદ્ય સુરક્ષા ભથ્થુંની ચૂકવણી કરશે.

કાયદાનું વિષયક્ષેત્ર-

આ કાયદામાં જાહેર વિતરણ વ્યવસ્થા, સંકલિત બાળ વિકાસ યોજના,મધ્યાહ્ન ભોજન યોજના જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. આમ ભોજન વિવિધ માધ્યમ દ્વારા લાભાર્થીને આપવામાં આવે છે. જેમાં સગર્ભા સ્ત્રી થી લઈને બાળક ૧૪ વર્ષ સુધી અભ્યાસ કરે તેને તથા અન્ય ( AAY & TPDS) માં પાત્રતા ધરાવતા લાભાર્થીને લાભ આપવામાં આવે છે.

કાયદાના અમલ સામે વિરોધાભાસ -

- આ કાયદાનું અમલીકરણ રાજ્યો અને કેંદ્રશાસિત પ્રદેશો કરે છે, જ્યારે આ રાજ્યોમાં શાસન અલગ અલગ હોવાથી દરેક રાજયમાં અમલીકરણની અસરકારકતા પણ અલગ અલગ હોય છે.
- પારદર્શિતામાં અભાવ- ૨૦૧૬ માં કંટ્રોલર અને ઓડિટર જનરલ(CAG) ના ઓડિટ મુજબ પાત્રતા ન ધરાવતા ખોટા લોકો પણ આ કાયદાનો લાભ મેળવી રહ્યા છે.અને આ ઓડિટ ઘણા રાજ્ય પર આરોપ મૂકે છે કે તેઓની લાભાર્થીઓની યાદીમાં ખોટો સમાવેશ થયેલ છે તેવું જાણવા છતાં લાભ આપી રહ્યા છે.

— પીડીએસમાં લીકેજ- અનાજ ઈચ્છિત લાભાર્થીઓ સુધી ન પહોંચવું,અનાજ પરિવહન દરમિયાન ચોરી, વ્યાજબી ભાવની દુકાનો દ્વારા અનાજ બિન લાભાર્થીઓ તરફ વાળવું, આમ પાત્રતા ધરાવતા લાભાર્થીઓનો સમાવેશ ન થવો.
— જથ્થા માટે ઉપલબ્ધ ગોડાઉનની સંગ્રહ ક્ષમતા પૂરતી ન હોવી.
— અનાજની ગુણવત્તા- લોકો ફરિયાદ કરે છે કે અનાજની ગુણવત્તા બરાબર નથી. અનાજમાં બિન ખાદ્યકણો જેવા કે કાંકરાનો સમાવેશ જોવા મળે છે.
— જે લોકો આજીવિકા માટે સ્થળાંતર એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં કરે છે ,ત્યારે તે આ યોજનાનો લાભ મેળવી શકાતા નથી.
— લોકોમાં જાણકારીનો અભાવ- અભણ અને ગરીબ લોકો અજાણ છે,કે તેમને કેટલું અનાજ મેળવવા પાત્રતા ધરાવે છે.
— વ્યાજભી ભાવના દુકાનદાર દ્વારા તોલમાપમાં લાભાર્થીને છેતરવામાં આવે છે.

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદાનું સુધારા બીલ-૨૦૧૮ -

જે બીલ લોકસભામાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો-૨૦૧૩ માં સુધારા માટે રજુ કરવામા આવ્યું હતું.જે સુધારા થવા માટે પ્રેરક બળ ૨૦૧૭ માં સર્વોચ્ચ અદાલતમાં સ્વરાજ અભિયાન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા એન્ડ ઓઆરએસ પીટીશન હતી,જેમાં અદાલતે કેંદ્ર અને વિવિધ રાજ્ય સરકારોને ખાદ્ય સુરક્ષા અધિનિયમના અમલના ૪ વર્ષ પછી પણ યોગ્ય રીતે અમલ ન કરવા બદલ ઠપકો આપ્યો હતો. અને કાયદો-૨૦૧૩ માં નીચે મુજબ ખામીઓ જણાય છે.

— તે અનાજના સાર્વત્રિક અધિકારની બાહેધરી આપતું નથી,પરંતુ તે ચોક્કસ માપદંડોના આધારે ફક્ત પાત્રતામાં પસંદ થયેલ વ્યક્તિઓ સુધી મર્યાદિત છે.
— તે સ્પષ્ટ કરે છે કે અધિનિયમના હેઠળ દાવાઓ યુધ્ધ,પૂર,દુષ્કાળ,આગ,ચક્રવાત,ભૂકંપની પરિસ્થિતિમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે નહી.જ્યારે આ પ્રકારના સંજોગોમાં ખોરાકની જરૂરિયાત સૌથી વધુ ઉભી થાય છે.
— સંગ્રહ સુવિધાઓની અપૂર્ણતા.
— અનાજની નબળી ગુણવત્તા.

સુધારા બીલ-૨૦૧૮ માં નીચે મુજબ સુધારા કરેલ છે.

— કલમ- ૨(૬) માં સુધારો- ખાદ્ય સુરક્ષાની વ્યાખ્યામાં અપવાદ સ્વરૂપે “યુધ્ધ” પરિસ્થિતિનો સમાવેશ.
— કલમ-૨(૯) માં સુધારો- “ભોજનની વ્યાખ્યામાં” સુધારો,સ્થાનિક રીતે ઉત્પાદિત સામ્રગીમાંથી તાજા બનાવેલા ગરમ,રાંધેલા ભોજનનો સમાવેશ કરવામાં આવ્યો.તેમાં અગાઉથી રાંધેલ ભોજન કે ઘરે લઈ જવાના રાશનનો સમાવેશ થતો નથી.
— કલમ-૩ માં સુધારો- લાભાર્થી વ્યક્તિઓની પસંદગીનું અનાજ લેવાનો વિકલ્પ આપવામાં આવ્યો.
— કલમ-૮ માં ફેરફાર- જેમાં “ફૂડ એલાઉંસ” માટે પસંદગી મળશે,જેમાં પ્રાપ્ત ભથ્થુ અનાજની માર્કેટની કિંમત કરતાં ઓછું ન હોવું જોઈએ અને લાભાર્થીને પસંદગીના અનાજની ઉપલબ્ધતા ન હોય તો માહિતિના ૪૮ કલાકમાં ભથ્થું આપવું.
— કલમ-૧૨ માં ફેરફાર- પેટા કલમ એચ માં કેન્દ્ર સરકાર દ્વારા નક્કી થયેલ રોકડ જેવી યોજનાઓને અવગણવામાં આવશે.
— કલમ-૪૪ માં ફેરફાર- અપવાદમાં સામેલ પૂર,દુષ્કાળ,અગ્નિ,ચક્રવાત,ભુકંપ ને અવગણવામાં આવશે.

કાયદાની અસરકારકતા માટે સુચનો અને ઉપાયો.

— સરકાર દ્વારા ખાદ્ય સંગ્રહ માટે યોગ્ય વ્યુહરચના કરી નાના,મધ્યમ, મોટા ગોડાઉનની સંખ્યાં વધારવી.
— અનાજના સંગ્રહ થી લઈને વિતરણ સુધી એટલે સમગ્ર પ્રકિયા દરમિયાન ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને ઈંટરનેટ ઓફ થિક્સનો ઉપયોગ.
— દેશની તમામ વ્યાજભી ભાવની દુકાનોને ઈ-પોસ મશીનથી લેસ કરવા અને બાયોમેટ્રીક ઓળખાણ દ્વારા લાભ આપવો. સાથે દુકાનદારોને પણ આધુનિક તકનીકજ્ઞાનથી તૈયાર કરવા.
— તમામ વ્યાજભી ભાવની દુકાનોને ઈંટરનેટ માધ્યમથી જોડાણ કરવું, જેથી સ્થળાંતરિત વ્યક્તિઓ પણ કોઈ પણ જગ્યાએથી લાભ લઈ શકે તે માટે એકીકૃત વ્યવસ્થા કરવી.
— લોક ભાગીદારી થકી આકસ્મિક સામાજિક ઓડીટ કરવું

— કોઈ વ્યાજબી ભાવની દુકાનો ગેરકાયદેસર કામ કરતા પકડાય તો સખ્ત સજા સાથે લાયસન્સ રદ કરવું.

— દર માસે પીડીએસ દુકાનને ફાળવવામાં આવતો જથ્થો પૂરતું હોવું અને ગુણવત્તાયુક્ત હોવું જોઈએ.

તારણ -

૨૧ મી સદીમાં ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવી એ દરેક વિકાસશીલ રાષ્ટ્રોનો મુખ્ય ઉદ્દેશ છે. વૈશ્વિક માનવાધિકાર ઘોષણના દેશ તરીકે ભારતની જવાબદારી બને છે કે તે તેના તમામ નાગરિકોને ભુખમરીમાંથી મુક્ત કરે અને પૂરતો ખોરાક મેળવવાનો અધિકાર સુનિશ્ચિત કરે.આમ રાઈડ ટુ ફુડ એ માત્ર વૈધાનિક અધિકાર નથી પણ તે એક માનવાધિકાર પણ છે જેથી આ માટે સંસાધનોની યોગ્ય વ્યવહારિક પહોંચ બનાવવી જરૂરી છે.તે માટે ખાદ્ય સુરક્ષા કાયદો-૨૦૧૩ નો યોગ્ય અમલ જરૂરી બની જાય છે. કેમ કે આ કાયદાનું અમલ ખોરાક અધિકાર આપવામાં નિર્ણાયક બની શકે તેમ છે.

દેશમાં ખોરાકની અસુરક્ષા ભૂખમરી અને ગરીબીમાં વધારો કરે છે,અને આર્થિક વિકાસ પર ગંભીર અસર કરે છે,સાથે સાથે દેશના માનવ સંસાધન શક્તિમાન મજબૂત બની શકતું નથી ઉપરાંત સરકાર દ્વારા કાયદો ૨૦૧૩ અમલમાં મૂક્યા પછી તેના યોગ્ય વાસ્તવિક અમલમાં ખામી રહી છે.જે ખામીઓ દુર કરવા સરકાર વિવિધ સુધારા ક્રમશ:અમલમાં લાવી રહી છે. જેમ કે હાલમાં પ્રધાનમંત્રી ગરીબ ક્લ્યાણ યોજના, વન નેશન વન રાશન ,જેનાથી દેશના તમામ દુકાનોનું એકત્રિત જોડાણ કરી લાભાર્થી અનાજ કોઈ પણ વ્યાજબી ભાવની દુકાનમાંથી મેળવી શકશે. આમ આ કાયદો “શુન્ય ભુખમરી” લક્ષ્યને હાંસિલ કરવામાં પોતાનું યોગ્ય યોગદાન ભજવી શકે છે

શબ્દ-સંક્ષેપ (abbreviation)

1. NFSA- રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો
2. AAY- અંત્યોદય અન્ન યોજના
3. TPDS - લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા

## સંદર્ભસૂચિ-


1. www.ifpri.org
2. *Trade Reforms and Food Security: Conceptualizing the Linkages. FAO, UN. 2003.*
3. https://www.refworld.org/pdfid/4538838c11.pdf
4. https://indianlawportal.co.in/pucl-v-union-of-india
5. https://blog.ipleaders.in/everything-need-know-national-food-security-act-2013/3.FAO,
6. https://www.alliance2015.org/hunger-and-food-systems-in-conflict-settings
7. Acharya. N. K. The National Food Security Act, 2013. Publisher Editorial Board. 2 edition, 2022.
8. Shendre. Dr. Avinash. Implementation of National Food Security Act, 2013. Himalaya Publishing House,2016.
9. https://rajyasabha.nic.in/rsnew/publication_electronic/National_Food_security_Act2013.pdf
10. www.globalhungerindex.org.